R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 33 DATE: 18-08-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## દેશમાં હિંસાને કોઇ સ્થાન નથી : ૭૨માં સ્વતંત્રતા દિનની પુર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ કોવિંદનો પ્રજાજોગ સંદેશો : વિવાદમાં પડ્યા વગર દેશને વિકાસના માર્ગે લઇ જવા ની અપીલ

દેશના ૭૨માં સ્વતંત્રતા દિવસની પુર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે દેશની પ્રજાજોગ સંદેશો આપતાં કહ્યુ હતું કે આઝાદ ભારતમાં હિંસાને કોઈ સ્થાન નથી. લોકોએ ખોટા અને નિરર્થક વિવાદો અને ચર્ચામાં પડ્યાને બદલે વિકાસના લક્ષ્ય હાંસલ કરવા તરફ મીટ માંડવી જોઈએ.ખોટા વિવાદો સર્જીને લક્ષ્યથી ભટકી જવું જોઈએ નહીં.તેમણે દેશમાં આર્મી અને પોલીસ વિના શાંતિ અને કાયદો તેમજ વ્યવસ્થા જાળવી શકાય નહીં તેમ કહીને તેમણે સુરક્ષા દળોના વખાણ કર્યા હતા.

આર્મી અને સુરક્ષા દળો દેશની આન,બાન અને શાન છે. તેમને દેશની સરહદો રક્ષા કરવા અને આતંકવાદ સામે લડવા માટે આધુનિક હથિયારો અને સુવિધાઓ આપવી તે આપણી ફરજ છે.દેશમાં જ સંરક્ષણ સાધનો બનાવવા અને સૈનિકો માટે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકવાની સલાહ આપી હતી.

દેશ આજે નિર્ણાયક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે સ્વતંત્રતા સેનાનીઓના સપનાનું ભારત સર્જવા તેમણે દેશવાસીઓને હાકલ કરી હતી. દેશને ગરીબી અને અસમાનતાથી મુકત કરવા આપણે હજી ઘણા કામ કરવાના છે. દેશની આઝાદીને આજે ૭૧ વર્ષ પુરા થયા છે ત્યારે તેમણે કહ્યુ હતું કે સ્વતંત્રતા સેનાનીઓએ આપણને એક આઝાદ ભારત સોપ્યું છે જેને આપણે વિકાસ અને સમૃધ્ધિના માર્ગે લઈ જવાનું છે. આપણે યુવાનોના કૌશલ્યનો વિકાસ કરીને તેમજ તેમને ટેકનોલોજી,એન્જીયરીંગ અને ઉદ્યોગોમાં તેમજ કલા અને શિલ્પ કાર્યો કરવા પ્રેરણા આપવાની છે.

## લોકસભા અને વિધાનસભાની એકસાથે ચુંટણીઓ યોજવાના ભાજપના પ્રસ્તાવને ચુંટણી પંચે નકારી દીધો

લોકસભા અને ૧૧ રાજ્યોની વિધાનસભાની ચુંટણી એક સાથે યોજવા માટે ભારતીય જનતા પાર્ટીએ મુકેલા પ્રસ્તાવનો મુખ્ય ચુંટણી કમિશ્નરે ખારીજ કરી દીધો છે.તેમણે જણાવ્યુ હતું કે કાયદાકીય માળખા વિના લોકસભા અને વિધાનસભાની ચુંટણીઓ એક સાથે યોજવી શક્ય નથી.કોઈપણ વિધાનસભાના વિસર્જન અને મુદત લંબાવવા માટે બંધારણીય સુધારો કરવો જરુરી છે.મુખ્ય ચુંટણી કમિશ્નરના આ નિવેદનો લોકસભા અને વિધાનસભાની ચુંટણીઓ એક સાથે યોજવાની ચર્ચા પર હાલ પુરતો પડદો પાડી દીધો છે. વન નેશન વન ઈલેકશન પરના એક સવાલના જવાબમાં તેમણે જણાવ્યુ હતું કે લોકસભા અને વિધાનસભાની ચુંટણીઓ એક સાથે યોજવાના પ્રસ્તાવ પર ચુંટણી પંચે ૨૦૧૫માં જ જરુરી માહીતી અને સુચનો આપી દીધા હતા.જયારે જે રાજયની વિધાનસભાની મુદત પુરી થશે ત્યારે ચુંટણી પંચે રાજયમાં ચુંટણીનુ આયોજન કરશે.

રાવતે જણાવ્યુ હતું કે લોકસભા અને વિધાનસભાઓની ચુંટણીઓ એકસાથે યોજવા માટે મોટી સંખ્યામાં ઈવીએમ અને વીવીપીટીએમ મશીનોની જરુર પડશે. પરંતુ હાલમાં ચુંટણી પંચ પાસે એટલી સંખ્યામાં મશીન નથી.. ૨૦૧૯માં જો લોકસભા અને વિધાનસભાની ચુંટણી એક સાથે યોજવી હોય તો ૨૪ લાખ ઈવીએમ મશીન જોઈશે.આ સંખ્યા લોકસભાની ચુંટણીમાં વપરાતા ઈવીએમ કરતાં બમણી છે.કાયદા પંચ સાથેની બેઠકમાં ચુંટણી પંચે જણાવ્યુ હતું કે ૧૨ લાખ વધારાના ઈવીએમ ખરીદવા માટેપંચને રુ.૪૫૦૦ કરોડની જરુર પડશે.અત્યારે ચુંટણી પંચનો ૧૩.૯૫ લાખ ઈવીએમ ખરીદી રહ્યુ છે.જેમાંથી ૯.૩ લાખ ઈવીએમ સપ્ટે.ના અંત સુધીમાં મળી જશે.તે ઉપરાંત૧૬.૧૫ લાખ વીવીપીએટી મશી નવે.અંત સુધીમાં મળી જશે.

જો કે વિપક્ષો હજુ સુધી ઈવીએમ મશીન દ્વારા ચુંટણી થાય તે મતના નથી.કારણકે ઈવીએમ મશીનો દ્વારા ભારે ગરબડ થઈ હોવાના આક્ષેપો છે. જેથી બેલેટ પેપરથી ચુંટણી થાય તે માટે તેઓ આગ્રહી છે.હજુ સુધી કોઈ નક્કર બાબત નક્કી થઈ શકી નથી જેથી ઈવીએમ થી ચુંટણી થશે.

## ૧૫મી ઓગષ્ટથી ૩૦૧ ટ્રેનોના ટાઇમ ટેબલ બદલાઇ જશે

ટ્રેનમાં મુસાફરી કરનારાઓ માટે મહ્ત્વના સમાચાર છે કે ઉત્તર રેલવેએ તેનું સમયપત્રક બદલતાં ૩૦૧ ટ્રેનોના સમય બદલાઈ જશે. ઉત્તર રેલવેએ ૫૭ ટ્રેનોનો ઉપડવાનો સમય વહેલો કર્યો છે. જ્યારે ૫૮ ટ્રેનોનો ઉપડવાનો સમય મોડો કર્યો છે.ઉત્તર રેલવેનું સમય પત્રક ૧૫ મી ઓગષ્ટથી બદલાઈ જશે.જેથી રેલવેમાં મુસાફરી કરનારાઓ એ સમયમાં બદલાવની નોધ લેવી.


### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬


## લોકસભાના ગૌરવવંતા સ્પીકર સોમનાથ ચેટરજીનું નિધન

લોકસભાના ગોરવવંતા સ્પીકર સોમનાથ ચેટરજીનું ૮૯ વર્ષની વયે નિધન થયું છે.વિક્રમજનક ૧૦ વખત લોકસભાના સાંસદ તરીકે ચુંટાયેલા ચેટરજી છેલ્લા કેટલાક દિવસોથી કિડની સબંધી બિમારીથી પીડાઈ રહ્યા હતા.કોલકત્તાની એક હોસ્પીટલમાં તેઓ ખરાબ તબીયતને કારણે દાખલ થયા હતા.જ્યાં તેમનું નિધન થયું હતું. તેમના અવસાન નિમિત્તે દેશના નેતાઓએ તેમને શ્રધ્ધાંજલિ અર્પી હતી.વડાપ્રધાને તેમને શ્રધ્ધાંજલિ આપતાં કહ્યુ હતું કે તેઓ રાજનીતિના પંડિત હતા.ચેટરજી ૨૦૦૪થી ૨૦૦૯ સુધી લોક સભાના અધ્યક્ષ રહ્યા હતા.એક વખત ૧૯૯૪માં તેમને મમતા બેનરજી સામે હારનો સામનો કરવો પ ડ્યો હતો.તેઓ ૧૯૮૯થી ૨૦૦૪ સુધી લોકસભામાં સીપીએમના સંસદીય દળના નેતા રહ્યા હતા.

## એન્ટીગુઆએની સરકારે મેહુલ ચોકસીને ભારતને સોપવા માટે નનૈયો ભણ્યો

પંજાબ નેશનલ બેન્કનું ૧૩૦૦૦કરોડથી વધારે રકમનું ફુલેકું ફેરવી દેશ છોડી ભાગી ગયેલા વેપારી મેહુલ ચોકસીનું પ્રત્યાર્પણ કરવા એન્ટિગુઆની સરકારે નનૈયો ભણી દીધો છે.ત્યાંની સરકારે જણાવ્યુ હતું કે ચોકસીને અમારા દેશના કાયદા અને નિયમો પ્રમાણે નાગરિકતા અપાઈ છે. તેથી તેમનો પાસપોર્ટ રદ કરી શકાય નહીં.અમારુ બંધારણ મેહુલ ચોકસીની દરપકડ કરવાની પણ પરવાનગી આપતું નથી. તે ઉપરાંત એન્ટીગુઆએ અને ભારત વચ્ચે પ્રત્યાર્પણ સંધિ નથી તેથી અમે મેહુલ ચોકસીને સામે કોઈ પગલાં લઈ શકીએ નહીં.અમે અમારા નાગરિકની સુરક્ષા કરીશું.

ભારત સરકારે થોડાક દિવસો પહેલા એન્ટીગુઆએની સરકારને મેહુલ ચોકસીના પ્રત્યાર્પણ માટેની વિનંતી મોકલી આપી હતી.ભારતીય વિદેશ મંત્રાલયના અધિકારીઓની એક ટીમ એન્ટીગુઆનાના અધિકારીઓને મળી હતી. અને તેમણે તેમને ચોકસીના ભારતમાં પ્રત્યાર્પણના દસ્તાવેજો આપ્યા હતા.ભારત સરકારે અત્યાર સુધીમાં ચોકસીના પ્રત્યાર્પણ માટે ત્રણ વિનંતીઓ મોકલી છે.જેને ત્યાંની સરકારે નકારી કાઢી છે.ભારત સરકાર પર તમામ દોષ મુકતાં એન્ટીગુઆ સરકારે જણાવ્ય હતું કે મેહુલ ચોકસી સામે કોઈ રેડ કોર્નર નોટીસ જારી કરાઈ નથી.

એન્ટીગુઆની સરકારે કહ્યુ હતું કે મેહુલ ચોકસીએ મે ૨૦૧૭માં નાગરિકતા માટે અરજી કરી હતી. જરુરી નિયમો પ્રમાણે ભારત સરકારે ઓલ ક્લિયરનું પ્રમાણપત્ર આપ્યા પછી નવેમ્બર૨૦૧૭માં મેહુલ ચોકસીને એન્ટિગુઆની નાગરિકતા આપવામાં આવી હતી .

ભારત સરકારે રહી રહીને ૩ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ એન્ટીગુઆનો પ્રત્યાર્પણ કાયદા ૧૯૬૨માં સમાવેશ કર્યો હતો.વિદેશમંત્રાલયે જણાવ્યુ હતું કે એકસ્ટ્રાડિકશન એક્ટ ૧૯૬૨ની જોગાવાઈઓ એન્ટીગુઆ અને બાબુડાને પણ લાગુ પડે છે.એન્ટીગુઆના એકસ્ટ્રાડિકશન એક્ટ ૧૯૯૩ની જોગવાઈઓ અંતગર્ત ભારત કોમનવેલ્થ દેશ છે.બંને દેશ કોમનવેલ્થ સમુદાયના સભ્ય હોવાથી પ્રત્યાર્પણ સંધિ આપોઆપ લાગુ થાય છે.

## પુર પ્રકોપથી કેરળના અનેક જિલ્લાઓની સ્થિતિ ગંભીર

પુર પ્રકોપ અને ભારે વરસાદને કારણે કેરળમાં અનેક જિલ્લાઓમાં લોકોની હાલત ગંભીર છે.નદી નાળા છલકાઈ ગયા છે.જ્યારે પુર અને ભારે વરસાદને કારણે રસ્તાઓ અને હાઈવે બ્લોક થઈ ગયા છે.જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે.અનેક શહેરો અને ગામડાઓમાં કાચા મકાનો પડી ગયા છે.લોકોની ઘરવખરી પાણામાં તણાઈ ગઈ છે.એક અઠવાડીયાથી પડી રહેલા ભારે વરસાદે ભારે તબાહી મચાવી દીધી છે.કેરળનું શબરીમાલા મંદિર અડધુ પાણીમાં ડુબી ગયું છે.શ્રધ્ધાળુઓને તે તરફ નહીં જવા સત્તાવાળાઓએ ચેતવણી આપી છે.


### ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

વરસાદી સિઝનની બોલબાલા હોય છે.કેરળમાં વરસાદે ભારે તારાજી સર્જી નાંખી, લોકોના જીવન અસ્તવ્યસ્ત થઈ ગયા.રાજયમાં માલમિલ્કતને૮૩૧૬ કરોડથી વધુ નુકશાન થયું છે. આ ઉપરાંત હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ,પશ્ચિમ બંગાળ,આસામ ,મણીપુર,ઓડીસા, છત્તીસગઢ,બિહાર અને ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદે કહેર મચાવ્યો પરંતુ મધ્ય ગુજરાત વરસાદ માટે તરસી રહ્યુ છે. કુદરતનો ખેલ સમજવો ભાર અઘરો છે.

હિમાચલ પ્રદેશમાં સિમલામાં ૧૧૭ વર્ષનો રેકોર્ડ તુટ્યો હતો.૧૩ ઓગષ્ટે ૧૧૭ વર્ષ પછી એકજ દિવસમાં સૌથી વધુ વરસાદ ૧૭૨.૬ મી.મી. પડ્યો હતો. અમદાવાદમાં છેલ્લા પંદર દિવસથી ભારે વરસાદ તુટી પડે તેવું વાતાવરણ બને છે પરંતુ માત્ર થોડાક છાંટા સિવાય કંઈ થતું નથી.

હવે માત્ર થોડાક દિવસોનો સમય બાકી છે કે જેમાં વરસાદની શક્યતાઓ છે પરંતુ વાતાવરણ એવું દર્શાવે છે કે અમદાવાદના વિસ્તારોમાં વરસાદની અછત રહેશે.અને લોકો વરસાદની વાતાવરણને માટે તરસ્યા રહેશે. વરસાદી સિઝન આવે તો ભજીયા,ગોટા, કે દાળવડાના વેપારીઓનો ધંધો જામે પરંતુ તેઓની ઘરાકી સુકાઈ ગઈ છે.

## મંતવ્ય

રાજકારણમાં જે રીતે હોર્સ ટ્રેડીગની પ્રક્રિયા ધીમે ધીમે અસ્તિત્વમાં આવી રહી છે. તે લોકશાહીના માળખાના મુળમાં ઘા કરે છે.મેન્ડેટની વિરુદ્ધમાં પક્ષ પલ્ટો એ પણ લોકશાહી તોડી નાંખવાની પ્રક્રિયા છે.પરંતુ સત્તા મેળવવાની લ્હાયમાં આ બધુ જેને આપણે નૈતિકતા અને લોકશાહીના માપદંડો કહીએ છીએ તેને કોઈ અસર થતી નથી.ખરેખર તો અડધી રાત્રે ઉઘાડીને સંસદમાં જે કંઈ દેખાડો થાય તેના કરતાં સંસદમાં શું કહેલું તેને યાદ કરીએ તો બ્રિટનના વડાપ્રધાન વિન્સન્ટ ચર્ચીલે ભારતને આઝાદી આપતાં ભવિષ્યમાં શું થશે તેનો ચિતાર બ્રિટનની સંસદને આપ્યો હતો.આપણા દેશના નેતાઓએ આ રાજકીય પુરુષે ભારતની લોકશાહીમા શું થશે તે બાબતે જે પોતાના વિચારો રજુ કર્યા હતા તે હાલની પરિસ્થિતિમાં એકદમ સાચા છે.ભવિષ્યકથનો કહેવા કરતાં એવું કહેવું જોઈએ કે ચર્ચિલના ગોલ્ડન વર્ડ ફોર ઈન્ડીયન ડેમોક્રેસી.તેમણે માત્ર ભારતની લોકશાહી જ નહીં ભારતના રાજકારણીઓ કેવા આવશે અને તેવો કેવા પ્રકારના ચારિત્ર્ય ધરાવતા હશે તેનો પણ ઉલ્લેખ કરેલો.તેમણે કહેલું કે તમામ પ્રકારના ભ્રષ્ટાચારથી ભરેલા રાજકારણીઓની ભરમાર દેશની લોકશાહીને ભરખી જશે.ચોર, લુંટારા,ડાકુઓ,પિંઢારાઓની જમાત દેશને ભરડો લેશે અને સામાન્ય નાગરિક બેહાલ બની જશે,જેને આપણે આઝાદી આપવાની વાત કરીએ છીએ.આઝાદી એવા લોકો જેમને ઉપર ગણાવ્યા તેમને મળશે.ખેર, હજુ પણ મોદી પાસે આપણે સાચી લોકશાહી માટે અપેક્ષા રાખીએ.

જયંત પી પરમાર

# સુપ્રીમ કોર્ટે દેશમાં ચારેતરફ મહિલાઓ પર થતા બળાત્કાર બાબતે ગંભીર ચિંતા વ્યક્ત કરી અને સરકારની ટીકા કરી

બિહારના મુઝફ્ફરનગરના શેલ્ટરહોમમાં કિશોરીઓ પર બળાત્કાર માટે નીતીશકુમાર સરકારની આકરી ઝાટકણી કાઢતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે એમ લાગી રહ્યુ છે કે રાજ્ય સરકારની રહેમનજર હેઠળ આ પ્રકારની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. દેશમાં ચારેતરફ-જમણે-ડાબે અને મધ્યમાં કિશોરીઓ અને મહિલાઓ પર બળાત્કાર ગુજારાઈ રહ્યા છે.જસ્ટીસ એમ.બી.લોકુર,જસ્ટીસ દીપક ગુપ્તા,જસ્ટીસ તે.એમ.જોસેફની બેન્ચે દેશમાં મહિલાઓ પર આચરાઈ રહેલા બળાત્કાર અને તેમની સ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરોના આંકડા ટાંક્યા હતા.બેન્ચે જણાવ્યુ હતું કે દેશમાં દર છ કલાકે એક મહિલા બળાત્કારનો ભોગ બને છે.૨૦૧૬માં ભારતમાં ૩૮,૯૪૭ મહિલા પર બળાત્કાર ગુજારાયો છે.દેશમાં વર્ષમાં ૩૮,૦૦૦થી વધુ બળાત્કાર થઈ રહ્યા છે. સૌથી વધુ રેપ મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં થઈ રહ્યા છે.દેશમાં ચારેતરફ મહિલાઓ પર ગુજારાતા બળાત્કાર અટકાવવા શું કરી શકાય ?

સુપ્રીમ કોર્ટે શેલ્ટરહોમનું સંચાલન કરતી એનજીઓને રાજ્ય સરકાર દ્વારા અપાતી સહાય પર સવાલ કરતાં જણાવ્યુ હતું કે એન્જીઓને ફંડ આપતાં પહેલા તેની યોગ્યતા અને લાયકાતની ચકાસણી શા માટે કરાઈ નહોતી ?રાજ્યમાં આ પ્રકારના શેલ્ટર હોમને કોણે નાણાં આપ્યા છે ?

સુપ્રીમ કોર્ટેને માહીતી આપવામાં આવી હતી કે બિહારમાં મુઝફ્ફરપુરનું શેલ્ટર એકલું નથી જેના પર આ પ્રકારના આરોપ મુકાયા છે.રાજ્યમાં સરારી સહાયથી ચાલતાં ઓછામાં એછા ૧૫ શેલ્ટર હોમ પર મુકાયેલા કિશોરીઓ અને મહિલાઓ પર બળાત્કારના આરોપો સંદર્ભે તપાસ ચાલી રહી છે.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે એનજીઓ દ્વારા ચાલતાં શેલ્ટર હોમ્સની રોજીંદા ધોરણે ચકાસણી થવી જોઈએ.જો કે આ પ્રકારના કૌભાંડોમાં અનેક મોટા માથાઓ સંડોવાયેલા હોઈ શકે છે.પરંતુ તે માટે યોગ્ય તપાસ થવી જરુરી છે.

# એબીપી ન્યુઝ ચેનલના ત્રણ પત્રકારોની હકાલપટ્ટીનો મુદ્દો સંસદમાં ગાજ્યો

હિન્દી ન્યુઝ ચેનલ એબીપીના ત્રણ નામાંકિત પત્રકારોની હકાલપટ્ટીનો મુદ્દો સંસદમાં ઉઠ્યો હતો.સંસદમાં વિપક્ષી નેતાઓએ એવો આક્ષેપ કર્યો હતો કે એબીપી ન્યુઝે કેન્દ્ર સરકારના કામકાજની ટીકા કરતો અહેવાલ પ્રસારિત કર્યો હતો.તેના કારણે આ ત્રણ પત્રકારોની હકાલપટ્ટી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે એબીપી ન્યુઝના મેનેજીંગ ડીરેક્ટર મિલિંદ ખાન્ડેકરને એબીપી ન્યુઝમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.પુણ્ય પ્રસુન બાજપેયીનુ રાજીનામું લઈ લેવાયું છે. અને અભિસાર શર્માને લાંબી રજા પર ઉતારી દેવાયા છે.

લોકસભામાં કોગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ સરકાર પર મીડીયાની આઝાદી છીનવી લેવાનો આક્ષેપ કરતાં કહ્યુ કે ગત ત્રણ વર્ષમાં મીડીયાનો અવાજ દબાવવાની અનેક કોશીશ થઈ છે. મીડીયા જ્યારે સરકારના કામકાજનો રિયાલીટી ચેક કરતો અહેવાલ પ્રસારિત કરે છે ત્યારે તેને ધાક-ધમકી આપવામાં આવે છે.ડરાવવા-ધમકાવવામાં આવે છે.એબીપી ન્યુઝ ચેનલનું પ્રસારણ પણ બાધીત કરવામાં આવ્યુ હતું.ખડગેનો આક્ષેપને રદીયો આપતાં કેન્દ્રીય મંત્રી રાજ્યવર્ધનસિંહ રાઠોડે કહ્યુ હતું કે એબીપી ન્યુઝે ખોટો રિપોર્ટ પ્રસારિત કર્યો હતો તેમ છતાં પણ સરકારે કંઈ કર્યુ ન હતું.તેમણે કહ્યુ હતું કે સરકારને એબીપી ન્યુઝ સાથે કોઈ લેવાદેવા નથી. બે પત્રકારોની હકાલપર્ટીને દર્શકોની ઘડી રહેલી સંખ્યા સાથે જોડી શકાય.

## જાણવા જેવું

૧૯મી સદીમ ાં સાઈબીરીયામાં ચામાંથી બનાવેલા ચોરસ ટુકડાઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવતો હતો.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪





વિનંતી
તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



કાર ભાડે મળશે





લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે





મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# સ્વરાજથી સુરાજ્યની દિશામાં ગુજરાત અગ્રેસર

**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
**પ્રધાનમંત્રી,ભારત**

**શ્રી વિજય રુપાણી**
**મુખ્યમંત્રી,ગુજરાત**

# સ્વાતંત્ર પર્વની સૌને હાર્દિક શુભકામના

# ૭૨મું સ્વાતંત્ર પર્વ

## અકસ્માતમાં ઇજાગ્રસ્તને મળશે રુ.૫૦,૦૦૦ સુધીની તાત્કાલિક સારવાર

હવે ગરીબ કે મધ્યમવર્ગનો ઇજાગ્રસ્ત દર્દી તાત્કાલિક સારવારના અભાવે જીવન નહીં ગુમાવે : રાજ્ય સરકારનો સંવેદનાસભર અભિગમ
દુડકાયના કોઇપણ વિસ્તારમાં અકસ્માતમાં ઇજા ૫ ામેલા વ્યક્તિને આવકમર્યાદા વિના સરકારી કે ખાનગી હોસ્પીટલમાં પ્રથમ ૪૮ કલાક સુધી રુ.૫૦,૦૦૦ સુધીની સારવાર

**મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજનાઃ**

સરકાર તરફથી સ્નાતકને માસિક રુ.૪૫૦૦,ડિપ્લોમાં ધારકને માસિક રુ.૩૫૦૦ અન્યને માસિક રુ.૩૦૦૦ની સહાય મળશે લાભ

**મા અને વાત્સલ્ય યોજના :**

ગરીબ-મધ્યમવર્ગના દર્દીઓને સારવારમાં રાહત : આવકમર્યાદા વધારીને ૩ લાખ કરાઇ
૧૯૧૦ કકરોડની રકમના ૧૨.૧૦ લાખથી વધુ લાભાર્થીઓના દાવાઓ મંજુર કરાયા
રુ. ૬ લાખની આવક ધરાવતા કુટુંબની સીનીયર સીટીઝનને પણ મળે છે લાભ

**આદિજાતિ વિકાસ :**

પેસા એકટની જોગવાઇઓનો સઘન અમલઃ આદિજાતિ સમાજને જંગલની જલ-જમીન અને ગૌણ પેદાશનોના એકત્રીકરણના આપ્યા અધિકારો
આદિવાસીઓના બંધારણીય અધિકારોના રક્ષણ માટે રાજ્ય સરકારની કટિબધ્ધતા : આદિજાતિ પ્રમાણપત્ર માટેનો કાયદો ગુજરાત વિધાનસભામાં પસાર.
વનબંધુ કલ્યાણ હેઠળ એકલવ્ય મોડલ ર`સીડેન્શીયલ સ્કુલ જેવી શાળાઓની સંખ્યા ૭થી વધારીને ૯૧ થઇ :૩૨૦૦૦ વિધાથીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ

**પ્રજાજનોને લગ્નપ્રસંગે સસ્તી અને સલામત બસ સેવા :**

લોકોની સલામતી અને સગવડ વધે તે દિશામાં સરકારનું લાગણીશીલ પગલું
૨૦કી.મી.સુધીના આવવા જવાના પ્રવાસ માટે રુ.૧૨૦૦,૪૦ કીમી. સુધી રુ.૨૦૦૦ અને ૬૦ કી.મી.સુધી ૩૦૦૦

**જનભાગીદારી વડે જળસંચયનું વિરાટ અભિયાન**

૧૩૦૦૦ થી વધુ તળાવો-ચેકડેમો ઉંડા કરાયા : ૧૮૫૨૫ જળસંચયના કામો પુર્ણ
૫૪૦૦ કી.મી. લંબાઇની નહેરોની સફાઇ અને મરામત કરવામાં આવી
૧૨૦૦૦ લાખ ઘનફુટથી પણ અધિક પાણીનો થશે સંગ્રહ

**સેવા સેતુ કાર્યક્રમનો ચોથો તબક્કો**

સાચો લાભાર્થી સરકારી સહાયથી વંચિત ન રહી જાય તે માટે સેવાસેતુ કાર્યક્રમના ચોથા તબક્કાનો તા. ૨૪-૮-૨૦૧૮ના રોજથી રાજ્યવ્યાપી પ્રારંભ
પ્રથમ તણ તબક્કામાં એક કરોડથી વધુ નાગરિકોની રજુઆતોનો ઘરઆંગણે ઉકેલ

**મહિલા સુરક્ષા માટે વધુ કદમ**

મંગળસુત્ર/ચેઇનની ચીલઝડપની ઘટનાઓને અંકુશમાં લેવા વટહુકમ
ચીલઝડપનો પ્રયત્ન કરનારને ૫ થી ૧૦ વર્ષની સખ્ત કેદ અને રુ. ૨૫ હજારનો દંડ
મહિલાઓની સુરક્ષા માટે ગુજરાત સરકારની પહેલ : ૧૮૧ અભયમ મોબાઇલ એપ્લીકેશન
એન્ડ્રોઇડ બેઝ ૧૮૧ અભયમ એપ્લીકેશનના માધ્યમથી પીડીત મહિલાના ઘટના સ્થળનું લોકેશન ત્વરીત મદદ માટે પોલીસ ખાતાને તરત મળી જાય છે.

**સુરક્ષાની દિશામાં નક્કર પગલાં**

ગૌવંશ હત્યા કરનારને હવે આજીવન કેદની સજા અને ૫ લાખ સુધીના દંડની જોગવાઇ
ગૌવંશ હત્યા માટે ગેરકાયદેસર હેરફેરમાં વપરાશમાં લેવાયેલ વાહનો જપ્ત કરાશે.
સાંજના ૭ થી સવારના ૫ વાગ્યા સુધી ગૌવંશ હેરફેર પર સંપુર્ણ પ્રતિબંધ
ગુજરાતના યુવાધનને બચાવવા માટે હુક્કા બાર પર પ્રતિબંધ
યુવાનો દારુની લતે ન ચડી જાય અને તંદુરસ્ત જીવન જીવે માટે કડક નશાબંધીના કાયદાનો ચુસ્ત અમલ

**પારદર્શક અને ભ્રષ્ટાચારયુક્ત વહીવટની દિશામાં રાજ્ય સરકારના અનેક કદમ :**

ભ્રષ્ટાચારની બદીને નેસ્તનાબુદ કરવા લાંચ રુશવત વિરોધી દળ આધુનિક સુવિધાઓથી સજ્જ બન્યું.
રાજ્ય સરકારના મહત્વના વિભાગોની કામગીરી ઉપર સીએમ ડેશબોર્ડ વડે મુખ્યમંત્રીશ્રીનું સીધું નિયંત્રણ અને દેખરેખ

**રાજ્યસરકારની તમામ ખરીદી જીઇએમ પોર્ટલ પરથી કરવાનો નિર્ણય**

**ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓ**

**સ્નાતકો માટે રોજગારી માચે રુ.૧૦ લાખની લોન**

**ખેડુત હિતકારી સુર્યશક્તિ કિસાન યોજના**

**દબાણ હટાવ ઝુંબેશ**

**અનુસુચિત જાતિ કલ્યાણ**

વિકાસ પ્રક્રિયાનું સાતત્ય જાળવી એક ભારત શ્રેષ્ઠ ભારતનો માર્ગ પ્રશસ્ત કરીએ - નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી ,ગુજરાત

# સરકારી ઓઇલ કંપનીઓ સરદારની પ્રતિમા શા માટે બનાવી રહી છે ? સીએસઆર ફંડ નિર્માણધીન પ્રોજેક્ટ માટે ન આપી શકે : કેગ

એક બાજુ દેશની જનતાને પેટ્રોલ-ડીઝલના ભાવો દઝાડી રહ્યા છે.ઓઈલ કંપનીઓને પોષાતું નથી કે તેઓ દેશના ગ્રાહકોને સસ્તા ભાવે પેટ્રોલ કે ડીઝલ આપે. પરંતુ કોઈક નેતાની ઈચ્છાઓ પુરી કરવા માટે રુ.૩૦૦૦ કરોડનું આંધણ ચઢાવવામાં આ ઓઈલ કંપનીઓ પોતાની શાન સમજતી લાગે છે.સરકારી ઓડીટર કેગે એ સરકારી ઓઈલ કંપનીઓ પર ગંભીર સવાલ ઉઠાવ્યા છે અને કહ્યુ છે કે આવી કંપનીઓ ગુજરાતના નર્મદા તટમાં સરદાર પટેલની ૩૦૦૦ કરોડ રુપીયાની પ્રતિમાં બનાવવા માટે કરોડો ખર્ચી રહી છે.૭ ઓગષ્ટ ૨૦૧૮નો રોજ સંસદમાં રખાયેલા કેગના રીપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે સરકારી તેલ કંપનીઓ દ્વારા આટલી જંગી રકમ સરદાર પટેની પ્રતિમા માટે ખર્ચ કરવામાં આવે છે એ અયોગ્ય છે.

ક્રેગે એ દાવો કર્યો કે સીએસઆર નિયમો અંતગર્ત કોઈ પણ કંપની રાષ્ટ્રીય ધરોહરને બચાવવા માટે આ ફંડનો ઉપયોગ કરી શકે છે.પરંતુ સરદાર પટેલની નિર્માણાધીન પ્રતિમા રાષ્ટ્રીય ધરોહર નથી.એટલે તેલ કંપનીઓ આ રીતે ખર્ચ કરી શકે નહીં. સરદાર પટેલની પ્રતિમા બનાવવા માટે ઓએનજીસી એ રુપીયા ૫૦ કરોડ, ઈન્ડીયન ઓઈલે રુ. ૨૧.૮૩કરોડ, બીપીસીએલ, એચપીસીએ અને ઓઆઈએલ એ ૨૫ કરોડ રુપીયા વર્ષ ૨૦૧૬-૧૭માં સીએસઆર ફંડ અંતગર્ત આપ્યા છે.બીજી તરફ, સ્ટેચ્યુ ઓફ યુનીટીના નામથી પ્રસ્તાવિત આ પ્રતિમાને બનાવવા માટે સરકાર તરફથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ મુજબ સ્ટેચ્યુ ઓફ યુનીટી માટે દેશના ખુણે ખુણેથી સામાન્ય લોકોએ જરુરી લોખંડ આપ્યું છે.સરદાર પટેલની પ્રતિમામ ૧૮૨ મીટર ઉંચી કાસ્ય પ્રતિમા બનાવવા માટે કુલ ખર્ચ રુ. ૨૯૮૯ કરોડ થશે.

જયારે આ પ્રતિમા માટે બનાવેલી ફિલ્મમાં દાવો કરાયો છે કે દેશમાં લોખંડી પુરુષ સરદાર પટેલની પ્રતિમા માટે દેશભરમાંથી લોખંડ એકત્રિત કરાયું. જેમાં ખેડુતો દ્વારા પાવડો,કોદાળી,હળ સહિતના કૃષિ ઓજારો ગુજરાત પહોચાડાયા હતા.પરંતુ તેલ કંપનીઓ આ પ્રોજેક્ટ માટે કેમ ખર્ચ કચરી રહી છે ?તેવો સવાલ ક્રેગ દ્વારા કરવામાં આવ્યો હતો.સ્ટેટચ્યુ ઓફ યુનીટીની વેબસાઈટ પરદાવો કરાયો હતો કે દેશભરના ખેડુતો દ્વારા હમણાં સુધી ૧ લાખ ૬૯ હજાર લોખંડના કૃષિ ઓજારો એકત્ર કરવામાં આવ્યા છે.લોખંડથી પ્રતિમા બનાવાની નથી.તેના માટે કાસ્ય ધાતુનો ઉપયોગ થવાનો છે અને તે વિદેશમાં બનીને આવવાની છે.આજદીન સુધી સરકારોએ ક્રેગના રીપોર્ટોને લક્ષ્યમાં લીધા નથી કાંતો દબાવી દીધા છે. ક્રેગે પોતાના રીપોર્ટમાં સરકારની ભુલો જાહેર કરી છે પરંતુ તેનો કોઈ નિષ્કર્ષ નીકળ્યો નથી.

# ઇન્કમટેક્ષના રિટર્ન માટે આધારકાર્ડને જોડવા ફરજ પાડી શકાય નહીં : હાઇકોર્ટ

ઈન્કમટેક્ષ રિટર્ન ભરવા માટે પાનકાર્ડ સાથે આધારકાર્ડને ફરજીયાત જોડવાની જોગવાઈને હાઈકોર્ટના વકીલ દ્વારા કોર્ટમાં પડકારવામાં આવી હતી. હાઈકોર્ટે આધારકાર્ડ અંગે કેસ સુપ્રીમ કોર્ટમાં પેન્ડીંગ હોવાથી ફરજીયાત આધાર કાર્ડ જોડ્યા વગર રિટર્ન સ્વીકારવા આદેશ આપ્યો છે.

ખેમચંદ કોષ્ટી નામના અરજદારે કરેલી અરજીમાં એવી રજુઆત કરી હતી કે તેમણે આધારકાર્ડ બનાવ્યું જ નથી.પરંતુ તેમને ઈન્કમટેક્ષ રિટર્ન ભરવાનું હોવાથી ઈન્કમટેક્ષ પોર્ટલ પર આધાર કાર્ડને જોડ્યા વગર તેમનું રિટર્ન સ્વીકારાતું નથી. અરજીમાં રજુઆત કરાઈ હતી કે ફાઈનાન્સ એક્ટ, ૨૦૧૭ની ૧૩૯ કલમ હેઠળ રિટર્ન ભરવા માટે આધારને ફરજીયાત બનાવવામાં આવ્યુ છે. પરંતુ આ જોગવાઈને સુપ્રીમકોર્ટમાં પડકારવામાં આવતાં તે અંગે નિર્ણય બાકી છે તેથી હાલના તબક્કે રિટર્ન ભરવા માટે આધારને ફરજીયાત ન બનાવી શકાય. તેમનું રિટર્ન આધાર વગર જ સ્વીકારવા દાદ માંગવામાં આવી હતી.

બીજી તરફ આઈટી રિટર્ન ભરવાની સમય મર્યાદા ૩૧મી માર્ચ ૨૦૧૯ રાખવામાં આવી છે.તેથી પણ રિટર્ન આધાર વગર સ્વીકારવું પડે. અરજદારે કોર્ટને રજુઆત કરી હતી કે તેઓ નક્કી કરેલી સમય મર્યાદામાં રિટર્ન ભરવા માંગે છે.પરંતુ ભરી શકતા નથી.હાઈકોર્ટે આધાર કાર્ડને જોડ્યા વગર રિટર્ન સ્વીકારી લેવા આઈટી ને આદેશ કર્યો છે.

# બીનનિવાસી ભારતીયો દ્વારા આરટીઆઇ ન થઇ શકે : માત્ર ભારતીયોને જ માહિતી અધિકાર પ્રાપ્ત છે : કેન્દ્ર સરકાર

લોકસભામાં જાણકારી આપતાં સરકારે જણાવ્યુ હતું કે કેન્દ્ર સરકારના વિભાગો પાસેથી માહિતી મેળવવા માટે આરટીઆઈ કરવાનો અધિકાર નોન રેસિડેન્ટ ઈન્ડીયન્સ(એનઆરઆઈ)ને નથી. તેથી એનઆરઆઈ આરટીઆઈ કરી શકે નહીં.એક લેખિત જવાબમાં પર્સોનલ રાજ્યમંત્રી જીતેન્દ્ર સિંઘે કહ્યુ હતું “ માત્ર ભારતના નાગરિકોને જ માહિતી અધિકાર પ્રાપ્ત છે. જે અધિકાર તેમને રાઈટ ટુ ઈન્ફોમેર્શન એક્ટ, ૨૦૦૫ અંતગર્ત મળેલો છે.આ અધિકારનો ઉપયોગ એનઆરઆઈ કરી શકતા નથી.તેમણે કહ્યુ હતું કે ભારતના નાગરિકો આરટીઆઈ એક્ટ,૨૦૦૫ અંતગર્ત ઓનલાઈન એપ્લીકેશન કરી શકે છે.હાલમાં અરજદારો પાસેથી મળેલી ઓનલાઈન આરટીઆઈ પ્રાપ્ત કરવાની, પ્રક્રિયાની અને તેનો જવાબ આપવાની સુવિધામાં ૨૨૦૦ પબ્લીક ઓથોરીટીઝ સામેલ છે.તેમણે કહ્યુ હતું કે કોઈપણ ભારતીય નાગરિક આરટીઆઈ માટે www.rtionline.govt.in પોર્ટલનો ઉપયોગ કરી શકે છે. જ્યાંથી તે કોઈ મંત્રાલય કે વિભાગની પસંદગી કરીને ઓનલાઈન આરટીઆઈ ફાઈલ કરી શકે છે. “

# રફાલ સામે બોર્ફોર્સ કૌભાંડની કોઇ વિસાત નથી : એનડીએ સરકાર દ્વારા કરવામાં આવેલો રફાલ સોદો એક મોટું ગુનાઇત કૃત્ય છે

એનડીએ સરકાર દ્વારા કરવામાં આવેલ રફાલ સોદો એક મોટું કૌભાંડ છે અને ગુનાઈત કૃત્ય છે.તેમજ રફાલ સોદો બોફોર્સ કરતાં પણ મોટું કૌભાંડ છે તેવો આરોપ ભાજપના પુર્વ મંત્રીઓ યશવંત સિંહા અને અરુણ શૌરીએ મુક્યો હતો.બંને બળવાખોર નેતાઓએ આ સોદમાં નેશનલ ઓડીટર ક્રેગની તપાસની પણ માંગણી કરી હતી. શૌરી અને સિંહાએ દિલ્હીમાં વકીલ કમ સામાજીક કાર્યકર્તા પ્રશાંત ભુષણ સાથે મળીને પ્રેસ કોન્ફરન્સ કરી હતી. અને ફ્રાંસ પાસેથી રુપીયા ૫૮,૦૦૦કરોડમાં ખરીદવામાં આવનાર ૩૬ રફાલ વિમાન માટેના સોદા અંગે સવાલો કર્યા હતા. એટલું જ નહીં તેમણે આ સોદા માટેના માપદંડો એકલા હાથે નક્કી કરવામાં વડાપ્રધાન મોદી સામે સવાલો કર્યા હતા. અને તેમની આકરી ટીકા કરી હતી. આ આખો સોદો એક પ્રકારની ગુનાઈત ગેરરીતી છે અને તેમાં સરકારી સત્તાનો દુરપયોગ થયો છે. તેમ કહીને તેમણે ઉમેર્યું હતું કે સરકાર આ મામલે ઘણુ બધું છુપાવી રહી છે.ઉલ્લેખનીય છે કે કોગ્રેસે રફાલ મામલે સંસદમાં અને સંસદ બહાર સરકાર પર ગંભીર આરોપો મુકેલા છે.યુપીએ સરકાર દ્વારા ફ્રાંન્સ પાસેથી જે વિમાન રુપીયા ૫૨૬ કરોડમાં લેવા માટે સોદો થયો હતો તેના મોદી સરકાર રુપીયા ૧૬૭૦ કરોડ ચુકવી રહી છે.યુપીએ સરકાર તે વખતે ૧૨૬ વિમાન ખરીદવાની હતી.શૌરીએ કહ્યુ હતું કે બોફોર્સ કરતાં તો રફાલ કૌભાંડ ખુબ મોટું છે અને તેમાં થયેલી ગેરરીતી સામે તપાસ થવી જરુરી છે. ક્રેગે તપાસ કરવી જરુરી છે.ક્રેગે બહાર પાડેલા રીપોર્ટો પર હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી પરંતુ જે ગેરરીતીઓ થઈ છે તે લોકોના જાણમાં આવી છે. પરંતુ સરકારે જો કોઈ ભુલ જ ના કરી હોય તો તેમને હકીકતો જાહેર કરવી જોઈએ.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.